559240

પ્રશ્ન: 1. જોડકા અંગે કયો જવાબ સાચો છે?

| | | | |
|---|---|---|---|
| (P) | ૧૮૮૫ | ૧. | ભારત છોડો ચળવળ |
| (Q) | ૧૯૧૯ | ૨. | જલિયાવાલા બાગ હત્યાકાંડ |
| (R) | ૧૯૪૨ | ૩. | મહાત્મા ગાંધીનો જન્મ |
| (S) | ૧૮૬૯ | ૪. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના |

| જવાબ: | (P) | (Q) | (R) | (S) |
|---|---|---|---|---|
| (a) | 3 | 4 | 1 | 2 |
| (b) | 4 | 1 | 2 | 3 |
| (c) | 4 | 2 | 1 | 3 |
| (d) | 4 | 3 | 1 | 2 |

પ્રશ્ન: 2. એક વ્યકિત ઉત્તર તરફ ૧૦ કિ.મી. મુસાફરી કરે છે. ત્યાંથી ૧૨ કિ.મી. પૂર્વ તરફ જાય છે. ત્યાંથી ૧૨ કિ.મી. પશ્ચિમ તરફ જાય છે. ત્યાંથી ૧૮ કિ.મી. દક્ષિણ તરફ જાય છે. તે પોતાના આરંભિક બિંદુથી કેટલા કિ.મી. દૂર હશે ?

(a) ૧૦ કિ.મી. (b) ૧૮ કિ.મી. (c) ૮ કિ.મી. (d) ૧૨ કિ.મી.

પ્રશ્ન: 3. A, B, C, D, E, F નામના છ લોકો એક હરોળમાં ઉભા છે. C અને D ની વચ્ચે કોઈ નથી. D ની બાજુમાં F છે. F અને A ની વચ્ચે B છે. D અને E ની વચ્ચે C છે. તો બન્ને છેડા ઉપર કયા બે લોકો હશે ?

(a) A અને C (b) C અને D (c) F અને A (d) A અને E

પ્રશ્ન: 4. અમેરીકાના રાષ્ટ્રપતિની ચુંટણી દર કેટલા વર્ષે થાય છે ?

(a) છ (b) ત્રણ (c) ચાર (d) પાંચ

પ્રશ્ન: 5. જ્ઞાનપીઠ એવોર્ડ કયા ક્ષેત્રમાં આપવામાં આવે છે ?

(a) સંગીત (b) સાહિત્ય (c) સમાજ સેવા (d) સમાજ વિજ્ઞાન

પ્રશ્ન: 6. કઈ નદી આસામમાંથી વહે છે?

(a) ગોદાવરી (b) યમુના (c) બ્રહ્મપુત્ર (d) ગંગા



Downloaded from MARU GUJARAT.in

પ્રશ્ન: 7. ૧ થી ૨૦૦ ની વચ્ચે પાંચથી ભાગી ન શકાય તેવા કેટલા આંકડા આવે ?

(a) ૧૬૦ (b) ૧૬૯ (c) ૩૯ (d) ૪૦

પ્રશ્ન: 8. 'સત્યમેવ જયતે' કાર્યક્રમ કોના દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે ?

(a) અક્ષય કુમાર (b) અમિતાભ બચ્ચન (c) આમિર ખાન (d) અભિષેક બચ્ચન

પ્રશ્ન: 9. છેલ્લા ક્રિકેટ વિશ્વકપની ફાયનલ મેચ કયાં રમાઈ હતી?

(a) કોલંબો (b) મુંબઈ (c) કરાંચી (d) દિલ્હી

પ્રશ્ન: 10. ભારતમાં કયા રાજયમાં મહિલા મુખ્ય મંત્રી છે?

(1) તમિલનાડુ (2) ઉત્તર પ્રદેશ (3) દિલ્હી (4) પશ્ચિમ બંગાળ

જવાબ : (a) ૧, ૩, ૪ (b) ૧, ૨, ૪ (c) ૧, ૨, ૩, ૪ (d) ૧, ૨, ૩

પ્રશ્ન: 11. નર્મદા નદીનું ઉદગમસ્થાન કયા રાજયમાં આવેલ છે?

(a) છત્તીસગઢ (b) ગુજરાત (c) મધ્યપ્રદેશ (d) મહારાષ્ટ્ર

પ્રશ્ન: 12. યાત્રા સ્થળ કૈલાશ માનસરોવર કયાં આવેલું છે?

(a) ભૂતાન (b) નેપાળ (c) ભારત (d) ચીન

પ્રશ્ન: 13. કયા સમયને ભારતનો સુવર્ણ કાળ ગણવામાં આવે છે?

(a) રાજપૂત કાળ (b) મુગલ કાળ (c) મોર્ય કાળ (d) ગુપ્ત કાળ

પ્રશ્ન: 14. સિંધુ ખિણની સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે તે સ્થળ મોહે જો દરો કયાં આવેલુ છે?

(a) પાકિસ્તાન (b) કઝાકીસ્તાન (c) રાજસ્થાન (d) કચ્છ

પ્રશ્ન: 15. રાજયના મુખ્ય મંત્રીને શપથ કોણ લેવડાવે છે ?

(a) વિધાનસભાના સ્પીકર (b) રાજયપાલ

(c) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ (d) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ

પ્રશ્ન: 16. આરોપીને ધરપકડ કરવાની પ્રક્રિયાની જોગવાઈ કયા કાયદામાં કરવામાં આવેલ છે?

(a) આઈ.પી.સી.

(b) સી.આર.પી.સી.

(c) ઈન્ડીયન એવીડન્સ એક્ટ

(d) ઈન્ડીયન એરેસ્ટ એક્ટ

પ્રશ્ન: 17. નીચેના જોડકા અંગે કયો જવાબ સાચો છે?

| | | | |
|---|---|---|---|
| (P) | સોમનાથ મંદીર | ૧. | ડાંગ જીલ્લો |
| (Q) | સાપુતારા ગીરીમથક | ૨. | જુનાગઢ જિલ્લો |
| (R) | ધોલાવીરાના અવશેષો | ૩. | કચ્છ જિલ્લો |
| (S) | લોથલ બંદરના અવશેષો | ૪. | અમદાવાદ જિલ્લો |

| જવાબ: | (P) | (Q) | (R) | (S) |
|---|---|---|---|---|
| (a) | 2 | 1 | 4 | 3 |
| (b) | 1 | 2 | 3 | 4 |
| (c) | 4 | 1 | 3 | 2 |
| (d) | 2 | 1 | 3 | 4 |

પ્રશ્ન: 18. નીચેના જોડકા અંગે કયો જવાબ સાચો છે?

| | | | |
|---|---|---|---|
| (P) | રવિન્દ્રનાથ ટાગોર | ૧. | ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ |
| (Q) | મહાત્મા ગાંધી | ૨. | આઝાદ હિન્દ ફોઝ |
| (R) | સુભાષચંદ્ર બોઝ | 3. | રાષ્ટ્રપિતા |
| (S) | ડો. રાજેન્દ્ર પ્રસાદ | ૪. | ગીતાંજલિના રચયતા |

| જવાબ: | (P) | (Q) | (R) | (S) |
|---|---|---|---|---|
| (a) | 4 | 1 | 2 | 3 |
| (b) | 4 | 3 | 2 | 1 |
| (c) | 4 | 2 | 3 | 1 |
| (d) | 4 | 1 | 3 | 2 |



Downloaded from MARU GUJARAT.in

પ્રશ્નઃ 19. 'સરસ્વતી ચંદ્ર' નવલકથાના લેખક કોણ હતા?

(a) ગોવર્ધનરામ ત્રિપાઠી (b) ઉમાશંકર જોષી (c) રઘુવીર ચૌધરી (d) પન્નાલાલ પટેલ

પ્રશ્નઃ 20. 'પંચાયતી રાજ' પ્રણાલી કયા સિધ્ધાંત પર આધારીત છે?

(a) પ્રમુખશાહી પધ્ધતિ (b) સત્તાના વિકેન્દ્રી કરણ

(c) સર્વોચ્ચ અદાલતની સર્વોપરિતા (d) સંસદીય લોકતંત્ર

પ્રશ્નઃ 21. દેશમાં સૌથી લાંબામાં લાંબો દરીયાકિનારો કયા રાજ્યનો છે?

(a) મહારાષ્ટ્ર (b) કેરળ (c) આંધ્રપ્રદેશ (d) ગુજરાત

પ્રશ્નઃ 22. નીચેના માંથી કયાં ફકત ઈશાન (પુર્વોત્તર ) ભારતીય રાજ્ય છે?

(a) મિઝોરમ, ત્રિપુરા, ભુતાન, નેપાળ (b) મણિપુર, નાગાલેન્ડ, છત્તીસગઢ, ઝારખંડ

(c) આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, ભૂતાન (d) મણિપુર, ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશ, સિક્કીમ

પ્રશ્નઃ 23. નીચેના માંથી ગુજરાતના કયા જિલ્લાઓને દરિયા કિનારો લાગતો નથી?

(૧) કચ્છ (૨) સુરેન્દ્રનગર (૩) અમદાવાદ (૪) રાજકોટ

જવાબ : (a) ૧, ૨ ને (b) ૨, ૩ ને (c) માત્ર ૨ ને (d) ૨ , ૩ , ૪ ને

પ્રશ્નઃ 24. 'સત્યના પ્રયોગો ' પુસ્તકના લેખક કોણ છે?

(a) રવિશંકર મહારાજ (b) ગુણવંત શાહ (c) ઉમાશંકર જોષી (d) મો.ક. ગાંધી

પ્રશ્નઃ 25. નીચેનામાંથી કોણ રાષ્ટ્રપતિ પદની છેલ્લી ચુંટણીમા ઉમેદવાર ન હતા?

(1) અબ્દુલ કલામ (2) હમીદ અન્સારી (3) પ્રણવ મુખરજી (4) પી.એ.સંગમા

જવાબ : (a) ૧, ૨ (b) ૧, ૨, ૩ (c) ૨, ૩ (d) ૧, ૨, ૪

પ્રશ્નઃ 26. પાણી કયા ઘટક તત્વોનું બનેલુ છે?

(a) ઓકિસજન અને કાર્બન (b) ઓકિસજન અને નાઈટ્રોજન

(c) ઓકિસજન અને હાઈડ્રોજન (d) ઓકિસજન અને ભેજ

પ્રશ્ન: 27. નીચેનામાંથી કોને 'ભારત રત્ન' મળેલ નથી?

(a) મહાત્મા ગાંધી (b) ઈન્દિરા ગાંધી (c) રાજીવ ગાંધી (d) મોરારજી દેસાઈ

પ્રશ્ન: 28. નીચેના જોડકા અંગે કયો જવાબ સાચો છે?

| | | | |
|---|---|---|---|
| (P) | ઉમાશંકર જોષી | ૧. | લોક સેવક |
| (Q) | મલ્લિકા સારાભાઈ | ૨. | નૃત્ય |
| (R) | રવિશંકર મહારાજ | ૩. | સાહિત્યકાર |
| (S) | બળવંતરાય મહેતા | ૪. | પૂર્વ મુખ્યમંત્રી |

| જવાબ: | (P) | (Q) | (R) | (S) |
|---|---|---|---|---|
| (a) | 3 | 4 | 1 | 2 |
| (b) | 3 | 2 | 1 | 4 |
| (c) | 3 | 2 | 4 | 1 |
| (d) | 2 | 3 | 1 | 4 |

પ્રશ્ન: 29. દાદા સાહેબ ફાળકે એવોર્ડ કયા ક્ષેત્રમાં આપવામાં આવે છે?

(a) નાટ્ય (b) ફિલ્મ (c) સાહિત્ય (d) નૃત્ય

પ્રશ્ન: 30. પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિની ચુંટણી લડતા પહેલાં કયા પદ પર હતા?

(a) ગૃહ પ્રધાન (b) કોંગ્રેસ પક્ષના પ્રમુખ (c) નાયબ વડાપ્રધાન (d) નાણા પ્રધાન

પ્રશ્ન: 31. ગુજરાતની સરહદે કયા રાજ્યો આવેલાં છે?

(1) રાજસ્થાન (2) મધ્યપ્રદેશ (3) મહારાષ્ટ્ર (4) છત્તીસગઢ

જવાબ: (a) ૧,૨ (b) ૧,૨,૪ (c) ૧,૩,૪ (d) ૧,૨,૩

પ્રશ્ન: 32. નીચેનામાંથી કયાં ગિરિ મથકો (હિલ સ્ટેશન) છે?

(1) સિમલા (2) મસૂરી (3) કોડાઈ કેનાલ (4) દાર્જીલિંગ

જવાબ: (a) ૧,૨ (b) ૧,૨,૪ (c) ૧,૨,૩,૪ (d) ૧,૨,૩



Downloaded from MARU GUJARAT.in

BHASA BHAJSA

પ્રશ્ન: 33. નીચેનામાંથી કયો મુગલ રાજા નથી?

(a) શાહજહાં (b) જહાંગીર (c) અકબર (d) બીરબલ

પ્રશ્ન: 34. અશોક કયા વંશનો રાજા હતો?

(a) રાજપૂત વંશ (b) ગ્રીક વંશ (c) મૌર્ય વંશ (d) ગુપ્ત વંશ

પ્રશ્ન: 35. સુર્યગ્રહણ વિશે શું સાચુ નથી?

(1) તે પૂનમને દિવસે થાય છે. (2) તે અમાસને દિવસે થાય છે.

(3) સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્ર આવતાં સૂર્ય ગ્રહણ થાય છે. (4) સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વી આવી જતાં સૂર્ય ગ્રહણ થાય છે.

જવાબ :

(a) માત્ર ૪ સાચુ નથી. (b) ૩ સાચુ નથી. (c) ૧,૪ સાચુ નથી. (d) માત્ર ૧ સાચુ નથી.

પ્રશ્ન: 36. આ વર્ષે કયા મહાપુરુષની ૧૫૦ મી જન્મજયંતિ ઉજવવામાં આવી રહી છે?

(a) મહાત્મા ગાંધી (b) સ્વામી રામકૃષ્ણ પરમહંસ

(c) રવિન્દ્રનાથ ટાગોર (d) સ્વામી વિવેકાનંદ

પ્રશ્ન:37. નીચેના જોડકા માટે આપેલ જવાબોમાંથી કયો સાચો છે?

| | | | |
|---|---|---|---|
| (P) | ખજુરાહો | ૧. | ઓરીસ્સા |
| (Q) | કોણાર્ક | ૨. | બિહાર |
| (R) | નાલંદા | ૩. | મહારાષ્ટ્ર |
| (S) | ઈલોરા | ૪. | મધ્યપ્રદેશ |

| જવાબ: | (P) | (Q) | (R) | (S) |
|---|---|---|---|---|
| (a) | 4 | 1 | 3 | 2 |
| (b) | 4 | 2 | 1 | 3 |
| (c) | 4 | 3 | 2 | 1 |
| (d) | 4 | 1 | 2 | 3 |

પ્રશ્ન: 38. ખૂનના ગુનાની સજા કઈ કલમ હેઠળ થાય છે?

(a) બોમ્બે પોલીસ એક્ટ કલમ ૩૦૨ (b) ઈન્ડીયન પોલીસ એક્ટ ૩૦૨

(c) સી.આર.પી.સી.કલમ ૩૦૨ (d) આઈ.પી.સી.કલમ ૩૦૨

પ્રશ્ન: 39. જ્યારે કોઈ વસ્તુને પૃથ્વી પરથી ચંદ્ર પર લઈ જવામાં આવે ત્યારે તેનુ વજન ઘટે છે. કારણ કે ?

(a) પૃથ્વીના ગુરુત્કર્ષણ બળ કરતાં ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ વધુ છે.

(b) પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળ કરતાં વધુ છે.

(c) ચંદ્ર પર હવા પૃથ્વી કરતાં વધુ જાડી છે.

(d) ચંદ્ર પર હવા પૃથ્વી કરતાં વધુ પાતળી છે.

પ્રશ્ન: 40. પ્રેસર કુકરમાં રસોઈ જલદી બને છે તેનું મુખ્ય કારણ છે કે

(a) દબાણ વધતાં ઉત્કલન બિંદુ ઘટે છે. (b) દબાણ વધતાં ઉત્કલન બિંદુ વધે છે.

(c) કુકરમાં રસોઈને બહારની હવા લાગતી નથી. (d) કુકરમાં ગરમી વધુ સરખી રીતે વિતરિત થાય છે.

પ્રશ્ન: 41. ટેલીફોનનો શોધક કોણ હતો?

(a) મેડમ ક્યુરી (b) ગ્રેહામ બેલ (c) લુઈ પાશ્ચર (d) થોમસ અલવા એડિસન

પ્રશ્ન: 42. ગુરુત્વાકર્ષણના નિયમનો શોધક કોણ હતો ?

(a) આર્કીમિડિઝ (b) ન્યુટન (c) પાબ્લો પિકાસો (d) આઈન્સ્ટાઈન

પ્રશ્ન: 43. ઉદર પટલ શરીરની કઈ ક્રિયામાં મદદ કરે છે ?

(a) ઉત્સર્ગ ક્રિયા (b) શ્વસન ક્રિયા (c) પાચન ક્રિયા (d) પ્રજનન ક્રિયા

પ્રશ્ન: 44. સૂર્ય

(a) એક ઉપગ્રહ છે. (b) એક ગ્રહ છે. (c) પૃથ્વીનો ઉપગ્રહ છે. (d) એક તારો છે.

પ્રશ્ન: 45. રતાંધળાપણુ અટકાવવા દર્દીને કયુ વિટામીન આપવું જોઈએ ?

(a) A (b) B (c) C (d) D



Downloaded from MARU GUJARAT.in

પ્રશ્ન: 46. નીચેનામાંથી કયા પાણીમાં સૌથી ઓછા ક્ષાર હોય છે ?

(a) ડેમનું પાણી (b) કુવાનું પાણી (c) વરસાદનું પાણી (d) તળાવનું પાણી

પ્રશ્ન: 47. નીચેનામાંથી કોણ ભુતકાળમાં ભારતના રાષ્ટ્રપતિ હતા?

(1) જ્ઞાની ઝૈલસિંહ (2) નીલમ સંજીવ રેડ્ડી (3) અબ્દુલ કલામ (4) હમીદ અન્સારી

જવાબ : (a) ૧, ૨ (b) ૧,૨,૩ (c) ૧, ૨, ૩, ૪ (d) ૧, ૨, ૪

પ્રશ્ન: 48. નીચેના પૈકી કયાં જોડકા સાચા છે?

| રાજ્ય | | રાજધાની |
|---|---|---|
| (1) | છત્તીસગઢ | : જબલપુર |
| (2) | ઝારખંડ | : રાંચી |
| (3) | પંજાબ | : અમૃતસર |
| (4) | કેરળ | : કોચીન |

જવાબ : (a) માત્ર ૨ (b) ૧, ૨, ૩, ૪ (c) ૧, ૨ (d) ૩,૪

પ્રશ્ન: 49. સુનામી શાના કારણે ઉદભવે છે?

(a) દરીયા કિનારે વાવાઝોડાથી. (b) દરીયામાં વાવાઝોડાથી.

(c) દરીયામાં હિમપ્રપાત થી. (d) દરીયામાં ધરતીકંપથી.

પ્રશ્ન: 50. નીચેનામાંથી કયુ ભારતના બંધારણનું લક્ષણ નથી?

(a) પ્રમુખશાહી પધ્ધતિ. (b) રાજયનીતિના માર્ગ દર્શક સિધ્ધાંત (c) મૂળભૂત હકકો. (d) મૂળભૂત ફરજો.

પ્રશ્ન: 51. મહાત્મા ગાંધી સાથે કયુ સ્થળ સંકળાયેલુ નથી?

(1) કરમસદ (2) સાબરમતી (3) ચંપારણ. (4) વર્ધા.

જવાબ : (a) ૧, ૩ (b) ૨, ૩, ૪ (c) માત્ર ૧ (d) ૧,૪

પ્રશ્ન: 52. ગ્રીનીચ સમયરેખા કયા શહેર માંથી પસાર થાય છે?

(a) રોમ (b) લંડન (c) ન્યુ યોર્ક (d) પેરીસ



Downloaded from MARU GUJARAT.in

પ્રશ્ન: 53. નીચેનામાંથી કયા દેશ યુરોપ ખંડમાં આવેલ નથી?

(1) ફ્રાન્સ (2) બ્રાઝીલ (3) ઈજીપ્ત (4) સ્વીડન

જવાબ : (a) ૧, ૪ (b) ૧, ૨, ૩ (c) ૨, ૩ (d) ૧, ૩

પ્રશ્ન: 54. નીચેનામાંથી કયા સ્થળ જમ્મુ અને કાશ્મિરમાં આવેલ નથી?

(1) શ્રીનગર (2) પઠાણકોટ (3) કારગિલ (4) લેહ

જવાબ : (a) ૧, ૨ (b) ૨,૩, ૪ (c) માત્ર ૪ (d) માત્ર ૨

પ્રશ્ન: 55. નીચેનામાંથી કોણ ભૂતકાળમાં ગુજરાતના મુખ્યમંત્રી હતા?

(1) માધવસિંહ સોલંકી (2) હિતેન્દ્ર દેસાઈ (3) અમરસિંહ ચૌધરી (4)ઘનશ્યામ ઓઝા

જવાબ : (a) ૧, ૨, ૩, ૪ (b) ૧, ૩,૪ (c) ૨, ૪ (d) ૧,૩

પ્રશ્ન: 56. એક વાહન પ્રથમ ૪ કલાક ૬૦ કિ.મી. પ્રતિ કલાકની ગતિએ અને ત્યારબાદ ૬ કલાક ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ગતિએ દોડે છે. તો વાહને કુલ કેટલું અંતર કાપ્યુ હશે ?

(a) ૮૦૦ કિ.મી. (b) ૫૪૦ કિ.મી. (c) ૭૪૦ કિ.મી. (d) ૬૪૦ કિ.મી.

પ્રશ્ન: 57. એક માણસ ૧૬ દિવસમાં એક ખાડો ખોદે છે. બીજો માણસ ૮ દિવસમાં એક ખાડો ખોદે છે તો બન્નેને ભેગા મળી ત્રણ ખાડા ખોદતાં કેટલા દિવસ લાગશે ?

(a) ૩૨ (b) ૨૪ (c) ૩૬ (d) ૧૬

પ્રશ્ન: 58. ભારતનો પ્રમાણ સમય લંડન કરતાં સાડા પાંચ કલાક આગળ છે. પાકિસ્તાનનો પ્રમાણ સમય ભારત કરતાં અડધો કલાક પાછળ છે. લંડનમાં સાંજના સાડા પાંચ વાગ્યા હશે ત્યારે પાકિસ્તાનમાં કેટલા વાગ્યા હશે ?

(a) દિવસના અગિયાર (b) દિવસના સાડા બાર

(c) રાત્રીના સાડા અગિયાર (d) રાત્રીના સાડા દસ

પ્રશ્ન: 59. પિતાની ઉંમર ચાલીસ વર્ષ છે. મોટા પુત્રની ઉંમર પિતા કરતાં ૧૮ વરસ ઓછી છે. તેનાથી નાના પુત્રની ઉંમર પિતાની ઉંમર કરતાં ૨૧ વર્ષ ઓછી છે. સૌથી નાના પુત્રની ઉંમર વચ્ચેના પુત્ર કરતાં ત્રણ વર્ષ ઓછી છે તો સૌથી નાનો પુત્ર સૌથી મોટા પુત્ર કરતાં કેટલા વર્ષ નાનો હશે ?

(a) ૫ (b) ૪ (c) ૭ (d) ૬

પ્રશ્ન: 60. 'રામાયણ'ના રચયિતા કોણ છે?

(a) તુલસીદાસ (b) કાલીદાસ (c) રોહીદાસ (d) વાલ્મિકી

પ્રશ્ન: 61. ગુજરાતમાં અશોકનો શિલાલેખ કયા જિલ્લામાં આવેલો છે?

(a) જુનાગઢ (b) ભાવનગર (c) અમદાવાદ (d) જામનગર

પ્રશ્ન: 62. પાણીમાં મીઠુ ઉમેરવાથી તેનુ ઉત્કલન બિંદુ

(a) ક્યારેક ઉપર જાય છે ક્યારેક નીચે જાય છે. (b) નીચે જાય છે.

(c) કોઈ અસર થતી નથી. (d) ઉપર જાય છે.

પ્રશ્ન: 63. ઈલેકટ્રીક ગોળામાં પ્રકાશ આપવા માટે કઈ ધાતુનો ઉપયોગ થાય છે?

(a) પિત્તળ (b) એલ્યુમિનિયમ (c) ટંગસ્ટન (d) નિકલ

પ્રશ્ન: 64. મોટર કાર ચલાવવાનું લાયસન્સ મેળવવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઈએ?

(a) ૧૮ વર્ષ (b) ૨૧ વર્ષ (c) ૧૬ વર્ષ (d) ૧૭ વર્ષ

પ્રશ્ન: 65. ભારતીય પ્રજાસત્તાકનુ બંધારણ ક્યારે અમલમાં આવ્યુ?

(a) ૨૬ જાન્યુઆરી ૧૯૪૭ (b) ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ (c) ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ (d) ૮ ઓગષ્ટ ૧૯૪૨

પ્રશ્ન: 66. ભારતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી કેવી રીતે કરવામાં આવે છે?

(a) ફક્ત લોકસભાના સભ્યો દ્વારા (b) ફક્ત રાજયસભાના સભ્યો ધ્વારા

(c) લોકો ધ્વારા સીધી (d) સાંસદ સભ્યો અને ધારાસભ્યો દ્વારા

પ્રશ્ન: 67. રાજયનું ઉપલુ ગૃહ કયા નામથી ઓળખાય છે?

(a) વિધાન સભા (b) રાજય સભા (c) વિધાન પરિષદ (d) લોક સભા

પ્રશ્ન: 68. 'વંદે માતરમ' ની રચના કોણે કરી?

(a) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (b) કવિ ઈકબાલ (c) રવિન્દ્રનાથ ટાગોર (d) શરદચંદ્ર ચેટરજી

Downloaded from MARU GUJARAT.in

પ્રશ્ન: 69. યુ.એસ.એ.ની રાજધાની કઈ છે?

(a) લંડન (b) કેલિફોર્નિયા (c) વોશીંગટન ડીસી (d) ન્યુ યોર્ક

પ્રશ્ન: 70. ગંગા નદી કયા સમુદ્રને મળે છે?

(a) અરબી સમુદ્ર (b) બંગાળના ઉપસાગર (c) ભુમધ્ય સાગર (d) હિન્દ મહાસાગર

પ્રશ્ન: 71. હૃદય કયા તંત્રનો ભાગ છે?

(a) ઉત્સર્ગ તંત્ર (b) પ્રજનન તંત્ર (c) શ્વસન તંત્ર (d) રૂધિરા ભિસરણ તંત્ર

પ્રશ્ન: 72. ડાયાલિસીસ શાની બિમારીના દર્દી ઉપર કરવામાં આવતી ક્રિયા છે?

(a) પાચનતંત્રની બિમારી (b) હૃદયની બિમારી (c) ડાયાબીટીસ (d) મુત્ર પીંડની બિમારી

પ્રશ્ન: 73. બોક્સાઈટ માંથી કઈ ધાતુ મળે છે?

(a) જસત (b) લોખંડ (c) એલ્યુમિનિયમ (d) તાંબુ

પ્રશ્ન: 74. લિગ્નાઈટનો ઉપયોગ શાના માટે થાય છે?

(a) તેમાંથી એલ્યુમિનિયમ મેળવવા માટે (b) તેમાંથી સોનુ મેળવવા માટે

(c) વિજળી ઉત્પન્ન કરવા માટે (d) તેમાંથી તાંબુ મેળવવા માટે

પ્રશ્ન: 75. 'કરો યા મરો' સુત્ર કઈ ચળવળ સાથે જોડાયેલું છે?

(a) અસહકાર આંદોલન (b) સવિનય કાનુનભંગ ચળવળ

(c) સ્વદેશી ચળવળ (d) 'ભારત છોડો' ચળવળ

પ્રશ્ન: 76. ૬, ૧૨, ૨૦, ૩૦, ૪૨, ......?

(a) ૫૬ (b) ૬૦ (c) ૫૦ (d) ૫૮

પ્રશ્ન: 77. ૨, ૧૦, ૩૦, ૬૮, ......?

(a) ૧૧૦ (b) ૧૨૦ (c) ૧૩૦ (d) ૧૪૦

પ્રશ્ન: 78. નીચેના જોડકા માટે કયો જવાબ સાચો છે.

| | સ્થળ | | રાજ્ય |
|---|---|---|---|
| (P) | અમૃતસર | : | ૧ હરીયાણા |
| (Q) | ગુડગાંવ | : | ૨ પંજાબ |
| (R) | ભોપાલ | : | ૩ મહારાષ્ટ્ર |
| (S) | પૂણે | : | ૪ મધ્યપ્રદેશ |

જવાબ :

| | P | Q | R | S |
|---|---|---|---|---|
| (a) | ૧ | ૨ | ૩ | ૪ |
| (b) | ૨ | ૧ | ૪ | ૩ |
| (c) | ૨ | ૧ | ૩ | ૪ |
| (d) | ૧ | ૨ | ૪ | ૩ |

પ્રશ્ન: 79. લગ્ન માટેની કાનૂની ઉંમર કેટલી છે ?

(a) છોકરી માટે ૧૮ વર્ષ છોકરા માટે ૨૧ વર્ષ
(b) છોકરી માટે ૧૮ વર્ષ છોકરા માટે ૨૦
(c) છોકરી માટે ૧૬ વર્ષ છોકરા માટે ૧૮ વર્ષ
(d) છોકરા છોકરી બન્ને માટે ૧૮ વર્ષ

પ્રશ્ન: 80. ફરીયાદ કઈ કલમ હેઠળ નોંધવામાં આવે છે?

(a) સી.આર.પી.સી.કલમ ૧૫૪
(b) ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૫૪
(c) ઈન્ડીયન એવીડેન્સ એક્ટ કલમ ૧૫૪
(d) આઈ.પી.સી.કલમ ૧૫૪

પ્રશ્ન: 81. ધાડના ગુનામા ઓછામાં ઓછા કેટલા આરોપીઓ હોવા જોઈએ?

(a) ૬ (b) ૭ (c) ૪ (d) ૫

પ્રશ્ન: 82. કરફ્યુ કઈ કલમ હેઠળ લગાડવામાં આવે છે ?

(a) આઈ.પી.સી.કલમ ૧૪૪
(b) સી.આર.પી.સી.કલમ ૧૪૪
(c) ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૪૪
(d) ઈન્ડીયન એવીડેન્સ એક્ટ કલમ ૧૪૪

પ્રશ્નઃ 83. સી.આર.પી.સી.નું આખુ રૂપ શું છે?

(a) ક્રિમિનલ પ્રોસેજર કોડ
(b) કોમ્યુનલ રાયોટસ પ્રિવેન્શન કોડ
(c) ક્રિમિનલ રીસ્પેકટ એન્ડ પ્રોટેકશન કોડ
(d) ક્રિમિનલ રાઈટસ પ્રોટેકશન કોડ

પ્રશ્નઃ 84. માહિતી અધિકાર એકટ હેઠળ સામાન્યરીતે કેટલા દિવસમાં માહિતી પુરી પાડવાની હોય છે?

(a) ૩૦ (b) ૨૧ (c) ૭ (d) ૧૪

પ્રશ્નઃ 85. સ્ત્રીને સાસરીયા દ્વારા શારીરિક, માનસિક ત્રાસ આપવાના ગુનાની શિક્ષા કઈ કલમ હેઠળ થાય છે?

(a) ઈ.પી.કો.ક. ૪૮૯
(b) ઈ.પી.કો.ક. ૪૮૯ (ક)
(c) ઈ.પી.કો.ક.૪૯૮
(d) ઈ.પી.કો.ક.૪૯૮(ક)

પ્રશ્નઃ 86. ઈ.પી.કો.ક.૪૨૦ શાને લગતી છે?

(a) બદનક્ષી (b) વિશ્વાસઘાત (c) બિગાડ (d) ઠગાઈ

પ્રશ્નઃ 87. વાહન એ ૫૦ કિ.મી. /કલાક અને વાહન બી ૪૦ કિ.મી. /કલાકની ઝડપે એક જ દિશામાં જાય છે. તો એક દિવસને અંતે બન્ને વચ્ચે કેટલું અંતર હશે?

(a) ૩૪૦ કિ.મી. (b) ૨૪૦ કિ.મી. (c) ૪૪૦ કિ.મી. (d) ૧૪૦ કિ.મી.

પ્રશ્નઃ 88. પિતાની ઉંમર પુત્રની ઉંમરના ત્રણ ઘણા કરતાં ૮ વર્ષ વધુ છે. માતાની ઉંમર પિતા કરતાં ૩ વર્ષ વધુ છે. જો પુત્રની ઉંમર ૭ વર્ષ હોય તો માતાની ઉંમર કેટલી હશે?

(a) ૨૬ વર્ષ (b) ૨૯ વર્ષ (c) ૩૨ વર્ષ (d) ૩૫ વર્ષ

પ્રશ્નઃ 89. ૪૦૦ રૂપિયાના બુટ ઉપર ૪ ટકા ડીસ્કાઉન્ટ આપી તેના ઉપર ૧૦ ટકા વેચાણવેરો લગાડી ગ્રાહકને વેચવામાં આવે તો ગ્રાહકે શી કિંમત ચુકવવી પડે?

(a) ૪૩૦.૪૦ રૂા. (b) ૪૨૨.૪૦ રૂા. (c) ૪૩૪.૪૦ રૂા. (d) ૪૨૪.૬૦ રૂા.

પ્રશ્નઃ 90. નીચેના રાજાઓને તેમના કાળ ક્રમમાં ગોઠવતાં કયો જવાબ સાચો છે?

(1) ચંદ્રગુપ્ત પહેલો (2) ચંદ્રગુપ્ત મોર્ય (3) અશોક (4) અકબર

જવાબઃ (a) ૧, ૩, ૨, ૪ (b) ૧, ૨, ૩, ૪ (c) ૧, ૨, ૪, ૩ (d) ૨, ૩, ૧, ૪

Downloaded from MARU GUJARAT.in

પ્રશ્ન: 91. ઓમકારનાથ ઠાકુર શાની સાથે સંકળાયેલા છે ?

(a) નૃત્ય (b) ચિત્રકળા (c) ફિલ્મ (d) સંગીત

પ્રશ્ન: 92. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી કયા રાજ્યમાં આવેલી છે ?

(a) ઉત્તર પ્રદેશ (b) મધ્યપ્રદેશ (c) ઝારખંડ (d) બિહાર

પ્રશ્ન: 93. પોખરણ કયા રાજ્યમાં આવેલું છે ?

(a) ઉત્તર પ્રદેશ (b) છત્તીસગઢ (c) ઝારખંડ (d) રાજસ્થાન

પ્રશ્ન: 94. જોડકા અંગે નીચેનામાંથી કયો જવાબ સાચો છે?

| | | | |
|---|---|---|---|
| (P) | કંડલા | ૧. | કાળીયાર અભ્યારણ |
| (Q) | ભાવનગર | ૨. | સેન્ટ્રલ સોલ્ટ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ |
| (R) | કાકરાપાર | ૩. | બંદર |
| (S) | વેળાવદર | ૪. | અણુ વિજમથક |

| જવાબ: | (P) | (Q) | (R) | (S) |
|---|---|---|---|---|
| (a) | 3 | 2 | 1 | 4 |
| (b) | 3 | 2 | 4 | 1 |
| (c) | 3 | 1 | 4 | 2 |
| (d) | 4 | 2 | 3 | 1 |

પ્રશ્ન: 95. એક વર્ગમાં ૭૦ વિદ્યાર્થી છે. ૩૦ ટકા વિદ્યાર્થી ગણિતમાં નાપાસ થાય છે. તો કેટલા વિદ્યાર્થીઓ ગણિતમાં પાસ થયા હશે ?

(a) ૪૯ (b) ૨૧ (c) ૫૫ (d) ૨૮

પ્રશ્ન: 96. ૨૦૧૨ ની ઓલમ્પીક રમતોમાં ભારત માટે સૌ પ્રથમ મેડલ જીતનાર કોણ રમતવીર હતો.

(a) ગગન નારંગ (b) અભીનવ બિન્દ્રા (c) સાનીયા નહેવાલ (d) સુશીલકુમાર

પ્રશ્ન: 97. ચાલુ વર્ષે ઓલમ્પિક રમોત્સવ ક્યાં યોજાયેલ હતો?

(a) બાર્સાલોના (b) લંડન (c) પેરીસ (d) બેઈઝીંગ

પ્રશ્ન: 98. છેલ્લો કોમનવેલ્થ રમતોત્સવ ક્યાં યોજાઈ ગયો?

(a) કોલંબો (b) જકાર્તા (c) લંડન (d) નવી દિલ્હી

પ્રશ્ન: 99. નીચે આપેલ જોડકાંના જવાબ પૈકીનો કયો જવાબ સાચો છે ?

(P) અન્ના હજારે — ૧. વકિલ

(Q) દિપક પારેખ — ૨. બેન્કર

(R) હરીશ સાલવે — ૩. ગાંધીવાદી સામાજિક કાર્યકર

(S) મહેશ ભૂપતિ — ૪. ખેલાડી

| જવાબ: | (P) | (Q) | (R) | (S) |
|---|---|---|---|---|
| (a) | 2 | 3 | 1 | 4 |
| (b) | 3 | 2 | 1 | 4 |
| (c) | 3 | 2 | 4 | 1 |
| (d) | 3 | 1 | 2 | 4 |

પ્રશ્ન: 100. નીચેના જોડકા અંગે કયો જવાબ સાચો છે?

(1) શારદા મુખર્જી — ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ

(2) વી.વી.ગીરી — ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ

(3) અબ્દુલ કલામ — અવકાશ વૈજ્ઞાનિક

(4) રવિશંકર રાવળ — ચિત્રકાર

જવાબ : (a) તમામ સાચા છે. (b) તમામ સાચા નથી.

(c) ૩, ૪ સાચા નથી. (d) માત્ર ૩ સાચુ નથી.

## બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ના પેપર ડાઉનલોડ કરો.

જે તે પરીક્ષા ના જુના પેપર અને આન્સર કી ડાઉનલોડ કરવા માટે નીચે આપેલા પરીક્ષાના નામ પર ક્લિક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | તલાટી | બિન સચિવાલય ક્લાર્ક | પોલીસ ઈન્સ્પેક્ટર | નાયબ ચીટનીસ |
| સેનેટરી ઈન્સ્પેક્ટર | હાઈકોર્ટ બેલીફ | જુનીયર ક્લાર્ક | સીનીયર ક્લાર્ક | વિદ્યુત સહાયક |
| મુખ્ય સેવિકા | સ્ટાફ નર્સ | હાઈકોર્ટ ક્લાર્ક | હાઈકોર્ટ પટાવાળા | લેબ આસીસ્ટન્ટ |
| એકાઉન્ટ ઓફિસર | CTET | ટેકનીકલ આસીસ્ટન્ટ | TET | GSRTC કંડક્ટર |
| સ્પીપા | HTAT | નાયબ મામલતદાર | ફોરેસ્ટ ગાર્ડ | GSRTC ક્લાર્ક |
| GPSC સહાયક | TAT | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | GPSC STI | ફીમેલ હેલ્થ વર્કર |
| RFO | સર્વેયર | જમાદાર | GSSSB ઈન્સ્પેક્ટર | ચીફ ઓફિસર |
| MPHW | લેબ ટેકનિશિયન | આસીસ્ટન્ટ ઈન્સ્પેક્ટર | ATDO | એકાઉન્ટન્ટ |

**સરકારી નોકરીની માહિતી માટે દરરોજ દિવસ એકવાર તો WWW.RKHACK.COM ની મુલાકાત લો. મફત મટેરિયલ ડાઉનલોડ કરવા માટે WWW.GKNEWS.IN વેબસાઈટ પર જાઓ.**


જોડાઓ અમારી સાથે

**અને ખાસ, જો તમે સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી કરતા હોવ તો અમારી સાથે અત્યારે જ જોડાઈ જાઓ. જોડવા માટે નીચે આપેલા બટન પર ક્લિક કરો.**

Join Us on WhatsApp 94092 31939

Join Us On Telegram @gknews_in

Follow Us On Instagram @gknews_in

Subscribe Our Channel @gknews_in

Like Our FB Page @gknews.in

Follow Us On Sharechat @gknews_in


Thank You